**રાષ્ટ્રીય મહિલાપંચના સભ્ય ડૉ. રાજુલ દેસાઈએ કહ્યું**

# દેશમાં ટ્રાન્સપોર્ટ મોબિલિટીના ઈશ્યૂને કારણે મહિલાઓ જોબ પર જતી નથી

સિટી રિપોર્ટર | 'પાણી અને વીજળી જેવી પાયાની સુવિધાના અભાવે સ્ત્રીઓનો મોટાભાગનો સમય ઘરની સાર-સંભાળમાં જતો હોય છે. પાયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારા કરીને આપણે સ્ત્રીઓને અન્ય કામ તરફ લઈ જઈ શકીએ છીએ. વળી ટ્રાન્સપોર્ટ મોબિલિટી ઈશ્યૂના કારણે સ્ત્રીઓ ઘરેથી કામના સ્થળે જતી નથી. આથી સરકારે મહિલાઓને ઘરથી કામના સ્થળ સુધી સેફ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ આપવી જોઈએ.' આ શબ્દો છે રાષ્ટ્રીય મહિલાપંચના સભ્ય ડો. રાજુલ દેસાઈના. જેમણે જીએનએલયુમાં ભારતના અર્થતંત્રમાં મહિલા લેબર ફોર્સની ભાગીદારી વિષય પર યોજાયેલી પરામર્શ શિબિરમાં આ વાત કહી હતી.

ડો. રાજુલ દેસાઈએ વધુમાં જણાવતા કહ્યું કે, 'સ્ત્રીઓ ઉપર ઘરકામની જવાબદારી તેમના ભારતીય અર્થતંત્રમાં મહિલા લેબર ફોર્સની ઓછી ભાગીદારીનું એક મહત્વનું કારણ છે. ઘરની વિવિધ જવાબદારીઓ સ્ત્રીઓના સમય ઉપર ખૂબ દબાણ ઉત્પન્ન કરે છે જે તેમને ઘર સુધી મર્યાદિત રહેવા મજબૂર કરે છે. લેબર ફોર્સમાં સ્ત્રીઓ અને પુરુષોની ભાગીદારીનું સાચુ ચિત્ર મેળવવા માટે માર્કેટ અને નોન-માર્કેટ એમ બંને પ્રકારની પ્રવૃતિને ધ્યાનમાં લેવી જોઈએ. આ માટે સ્ત્રીઓ અને પુરુષો દ્વારા કરવામાં આવતી તમામ પ્રકારની પ્રવૃતિઓને નોંધી શકે તેવો ''ટાઈમ યુઝ સરવે' કરવાની જરૂર છે'.

## 15 વર્ષમાં સ્ત્રીઓની ભાગીદારીનો દર ઘટ્યો

પરામર્શ શિબિરનું ઈનોગ્રેશન કરતા રાષ્ટ્રીય મહિલાપંચના સભ્ય ડો. રાજુલ દેસાઈએ કહ્યું કે, 'ભારતની વસ્તીમાં અડધો-અડધ સંખ્યા સ્ત્રીઓની છે પરંતુ લેબર ફોર્સમાં સ્ત્રીઓની સંખ્યા ચોથા ભાગની છે. લેબર ફોર્સમા સ્ત્રીઓની અત્યંત ઓછી ભાગીદારી ભારતના આર્થિક વિકાસ આડે ખૂબ મોટો અવરોધ છે. છેલ્લા 15 વર્ષમાં ભારતમાં આર્થિક વિકાસ મજબૂત થયો તે સમયગાળામાં પણ લેબર ફોર્સમાં મહિલાઓની ભાગીદારીનો દર ઘટતો ગયો છે જે અત્યત ચિંતાજનક છે. આ સંજોગોમાં કમિશને દેશના જુદા-જુદા પ્રદેશોમાં 5 આવી શિબિરોનું આયોજન કરી વિવિધ ક્ષેત્રોના એક્સપર્ટના આ વિષયો પર વિચાર જાણવાનું નક્કી કર્યુ છે.

Scanned by CamScanner